# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## પંચાયત સેવા મુખ્ય સેવિકા વર્ગ-૩ સંવર્ગની ટૂંકી જાહેરાત

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા પંચાયત સેવા **મુખ્ય સેવિકા વર્ગ-૩** સંવર્ગની કુલ – ૧૬૯ ખાલી જગ્યા પર સીધી ભરતીથી ઉમેદવારો પસંદ કરવા માટે તા.૧૮/૦૪/૨૦૨૬ થી તા.૦૯/૦૫/૨૦૨૬ દરમ્યાન ઓનલાઇન અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપર નિયત સમયગાળા દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે તેમજ સામાન્ય વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી SBI E-Pay ના માધ્યમથી તા.૧૮/૦૪/૨૦૨૬ થી તા.૦૯/૦૫/૨૦૨૬ સુધી ભરવાની રહેશે. સદર સંવર્ગની સીધી ભરતીની જગ્યા માટે ઓનલાઇન અરજી કરવાની રીત, શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તથા દિવ્યાંગતાની કેટેગરીવાઇઝ ભરવાપાત્ર જગ્યાઓ તેમજ અન્ય વિગતવાર જોગવાઇઓ/માહિતી/સૂચના/શરતો દર્શાવતી વિગતવાર જાહેરાત માટે મંડળની કચેરીના નોટીસ બોર્ડ, મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in તથા ઓજસની વેબસાઇટ https://ojas.gujarat.gov.in જોવા જણાવવામાં આવે છે. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | ભરવાપાત્ર કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા | | | | માજી સૈનિક માટે અનામત જગ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય (જનરલ) (OC) | આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | સા.શૈ. પછાત વર્ગ (SEBC) | અનુ. જાતિ (SC) | અનુ.જન જાતિ (ST) | A | B | C | D | |
| ૦૫/૨૦૨૬-૨૭ | મુખ્ય સેવિકા | 169 | 69 | 21 | 39 | 4 | 36 | 4 | 3 | 3 | 1 | 3 |

નોંધ:-

(૧) ઉપરોકત જગ્યાઓની સંખ્યામાં સરકારશ્રીની સૂચનાને આધિન મંડળ જરૂર જણાયે વધ-ઘટ કે ફેરફાર કરી શકશે.

(૨) ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપુર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(3) ઉમેદવારોને ઓનલાઇન અરજી કરવા માટે છેલ્લા દિવસો સુધી રાહ નહી જોતા, વહેલી તકે ઓનલાઇન અરજી પત્રકમાં નિયત વિગતો પુરતી ચકાસણી સાથે ભરીને ઓનલાઇન અરજી કન્ફર્મ કરી, કન્ફર્મેશન નંબર (Confirmation Number) મેળવી લેવા જણાવવામાં આવે છે.

(૪) ઇલેકશન કમિશન ઓફ ઇન્ડિયાના પત્ર નં. 437/6/INST/ECI/FUNCT/MCC/2024 (MCC ENFORCEMENT) તા.૦૨/૦૧/૨૦૨૪ના પેરા નં. ૨૨માં દર્શાવેલ સૂચનાઓ અન્વયે વૈધાનિક સંસ્થાને આદર્શ આચાર સંહિતા દરમિયાન ભરતી અંગેની કામગીરી માટે આયોગની પૂર્વમંજૂરી માંથી મુક્તિ આપવામાં આવેલ છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળએ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૨૩૫ હેઠળ રચાયેલ વૈધાનિક સંસ્થા છે. જે વિગતો ધ્યાને લઈ, સદર જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

(૫) રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા તા.૧૭/૧૧/૨૦૨૧ના આદેશથી આદર્શ આચારસંહિતાના અમલીકરણ અંગેની સંકલિત માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડેલ છે. જે ધ્યાને લેતાં, સ્પર્ધાત્મક પરીક્ષાઓની જાહેરાત સંબંધિત કોઇ સૂચના આયોગ દ્વારા આપવામાં આવેલ ન હોઇ, સદર જાહેરાત અન્વયે આદર્શ આચાર સંહિતામાંથી મુક્તિ મેળવવાની આવશ્યકતા નથી.

તા.૧૮/૦૪/૨૦૨૬

સચિવ

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ